IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 ની નવી પહેલ: માતૃભાષામાં શિક્ષણ

**Research Scholar**
**Meghna T. Patel**
**Department of Education,**
**Veer Narmad South Gujarat University,**
**Surat**

## સારાંશ / ABSTARCT

આદિકાળથી માનવી સહજ રીતે સતત શીખતો રહ્યો છે. મનોવૈજ્ઞાનિકોના મતે શીખવાની પ્રક્રિયા અનાયાસ અને સહજ છે. પ્રયત્નપૂર્વક આપવામાં અને લેવામાં આવેલું શિક્ષણ ક્યારેક બોજારૂપ લાગે છે અને સાહજિક રીતે ખીલતી અનેક પ્રકારની શક્તિઓના વિકાસમા અવરોધરૂપ બને છે. શિક્ષણની આ ખૂબ જ મહત્વની પ્રક્રિયામાં જ્ઞાનપ્રાપ્તિ માટે ભાષાનું માધ્યમ ખૂબ જ મહત્વનું પગથિયું અને કડી છે, ત્યારે શિક્ષણના માધ્યમ તરીકે બાળકની સહજતાથી ઉપલબ્ધ ભાષાને જ રાખવાની હિમાયત, વિશ્વના અગ્ર હરોળના શિક્ષણશાસ્ત્રીઓ કરે છે. અહીં માતૃભાષાના મહત્વની સાથોસાથ શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાને રાખવા માટેના નક્કર કારણોની ચર્ચા કરવામાં આવી છે. વિશેષમાં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં પણ પ્રાથમિક શિક્ષણને ફરજિયાતપણે માતૃભાષામાં આપવાની ભલામણ કરીને ભારત સરકારે પણ આ વાતને સમર્થન આપ્યું છે. આ બાબતની ચર્ચાની સાથે માતૃભાષાના માધ્યમથી શિક્ષણ આપવા આડેના અવરોધોની પણ અહીં રજૂઆત કરવામાં આવી છે. આ પડકારોનો મક્કમતાપૂર્વક સામનો કરી, યોગ્ય નિરાકરણ લાવી આપણે ચોક્કસ બાળકના સર્વાંગીણ વિકાસના સર્વોચ્ચ ધ્યેયને પ્રાપ્ત કરી શકીશું.

## 1. પ્રસ્તાવના

પ્રાચીન કાળથી અતિ આધુનિક યુગ સુધીની ઉર્ધ્વગામી અવિરત વિકાસયાત્રામાં માનવજાતને મોખરાના સ્થાને પહોંચાડવામાં સૌથી મોટો ફાળો શિક્ષણનો છે. આકસ્મિક અને આયોજનબદ્ધ – એમ બંને પ્રકારના શિક્ષણને કારણે આજે માનવી સુસંસ્કૃત બન્યો છે. અન્ય પ્રાણીઓની જેમ માત્ર સ્વરોની મદદથી વિવિધ અવાજો કાઢીને સંદેશાની આપ-લે કરતાં માનવીએ આજે 6500થી વધારે ભાષાઓનો સ્વતંત્ર વિકાસ કરી પ્રત્યાયન ક્ષેત્રે ક્રાંતિ કરી છે. આજે ટેકનોલોજીના ઝડપી વિકાસને પરિણામે સમગ્ર વિશ્વ એક ગામડું બની ગયું છે ત્યારે ભાષાઓની વિવિધતાએ વૈશ્વિક આંતરવ્યવહારોમાં અડચણ ઊભી કરી છે. બીજી બાજુ, વૈશ્વિક સ્તરે દેશ, સંસ્કૃતિ, જાતિ અને ભાષા વૈવિધ્યના વિકાસને પરિણામે બાળક નાનપણથી જ પરિવારમાં સાંભળેલી અને વ્યવહારમાં વપરાતી ભાષાને અનાયાસે શીખી જાય છે, ત્યારે જ્ઞાનના વિરાટ સાગરને પામવા માટે બાળક આ અનાયાસે શીખેલી ભાષાની મદદથી અન્ય જરૂરી ભાષા સરળતાથી શીખીને શિક્ષણ પ્રાપ્ત કરે એ ઇચ્છનીય છે. આવા સમયે બાળકને માટે જે

સહજ છે એવી માતૃભાષાને સ્થાને અન્ય ભાષાને માધ્યમ બનાવી શિક્ષણની શરૂઆત કરવામાં આવે તો તેના વિપરીત પરિણામો આવે છે. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં પણ માતૃભાષાના માધ્યમ દ્વારા પ્રાથમિક શિક્ષણ આપવાની ભલામણ કરવામાં આવી છે. આમ, માતૃભાષાને જ શિક્ષણનું માધ્યમ રાખીને બાળકને વિવિધ વિષયો તથા અન્ય ભાષાઓનું જ્ઞાન આપવું જોઈએ.

## 2. **માતૃભાષા અને શિક્ષણ**

### 2.1 **માતૃભાષા:**

માતૃભાષા એ વ્યક્તિની મૂળ ભાષા માટે એક પારિભાષિક શબ્દ છે. તેને જન્મથી શીખેલી ભાષા, પ્રથમ ભાષા, પ્રભાવશાળી ભાષા અથવા ગૃહભાષા પણ કહેવાય છે. જન્મ સાથે પરિવાર અને સમાજ દ્વારા વારસામાં જે ભાષા મળી હોય તથા વ્યક્તિના બોલવા કે લખવાની શરૂઆત જે ભાષામાં થઇ હોય તેને માતૃભાષા કહેવામાં આવે છે.
મૂળ ભાષાને 'માતૃભાષા' જ કેમ કહેવાય છે, 'પિતૃભાષા' કેમ નહી?

શિશુ જયારે જન્મે ત્યારથી બાળક બને એ નાજુક પ્રગતિમાં એક માં જ હોય છે, જેને એ ખૂબ સારી રીતે ઓળખતો હોય છે. આ દરમિયાન, જેની નાળ સાથે જોડાઈને નવ મહિના ગર્ભમાં રહ્યો એ જન્મ્યા પછી સૌથી વધું સમય માં સાથે વ્યતીત કરે છે અને નકલ કરવાની ફિરાકમાં બાળક માંની જેમ જ જીભ હલાવે છે અને સ્વર કાઢે છે. આમ, ભાષાનું પહેલું પગથિયું માતા પાસેથી જે ભાષામાં બાળક શીખે છેમ તે જ એની મૂળ ભાષા કહેવાય અને તેથી જ એને 'માતૃભાષા' કહેવામાં આવે છે.

### 2.2 **શિક્ષણ:**

શિક્ષણ એ બાળકના સર્વાંગી વિકાસની પ્રક્રિયાને ત્રણ રીતે સાકારિત કરે છે.

1. તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવે છે, એટલે કે આત્માભિવ્યક્તિનું કાર્ય કરે છે.
2. તેને પોતાને માટે વિકાસની જે શ્રેષ્ઠ કક્ષા સંભવિત છે, ત્યાં પહોંચવામાં સહાય કરે છે એટલે કે આત્માવિષ્કારના કાર્યમાં મદદ કરે છે.
3. તેના વિવિધ રસ, વલણ, અભિરૂચિને સ્વીકારી તેના આગવા વ્યક્તિત્વને વિકસાવે છે.

આ તમામ પાસાઓમાં ભાષા અને અંકજ્ઞાન પાયાની ભૂમિકા ભજવે છે.

### 2.3 **માતૃભાષામાં શિક્ષણની જરૂરિયાત:**

"શિક્ષણનું માધ્યમ ગમે તે વિષયનું હોય, અમુક ધોરણ સુધી તો માતૃભાષા જ હોય તેવો આગ્રહ સમગ્ર પ્રજાએ રાખવો પડશે."

**- હરિકૃષણ પાઠક**

"શિક્ષણ જો સાર્વત્રિક અને સાર્વજનિક બનાવવું હોય, તો તે માતૃભાષામાં જ આપવું જોઇએ. નહિ તો તે સમાજમાં ભેદાભેદની દિવાલ ઊભી કરશે. જ્ઞાન-વિજ્ઞાનનો પણ સાર્વત્રિક અને સાર્વજનિક પ્રચાર-પ્રસાર અને ઉપયોગ માતૃભાષામાં જ થઇ શકશે. નહિ તો જ્ઞાન-વિજ્ઞાન પણ અમુક દાયરામાં સીમિત રહી જશે, એટલે શિક્ષણનું માધ્યમ માતૃભાષા સિવાય બીજું હોઇ શકે જ નહીં. ખૂબ મહેનત કરીને આપણે બધી ભાષાઓનો વિકાસ કરવો જોઇએ."

**- વિનોબા ભાવે**

"બાળકનું મગજ આરંભમાં સ્વર, પ્રતીકો અને અર્થ સાથે જ્ઞાનતંતુઓનો સંબંધ પોતાની માતૃભાષામાં જોડવાનું શરૂ કરે છે. બાળકના મગજનો વિકાસ તેની આસપાસના ભાષાકીય વાતાવરણ સથી નિર્ણયાત્મક રીતે સંકળાયેલા છે,

તેથી બાળકને પોતાની માતૃભાષામાં શીખવા ન દેવું, તે એમની સામેનો બહું મોટો ગુનો છે."

**- પ્રો.યશપાલ**

"જેને આપણે ગ્રાસ્પીંગ પાવર કહીએ છીએ, જેને હું મારી શીખવાની તાકાત કહું છું, એ હંમેશા માતૃભાષામાં જ આવે છે."

**- શરીફા વીજળીવાળા**

## 3. માતૃભાષાનું મહત્વ

જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંતભાઇ શાહ કહે છે, "માતાના ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે."

ગર્ભમાંથી જ બાળક માતાની ભાષા શીખવા લાગે છે. બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીમાં તો તે માતૃભાષાના બે હજાર જેટલા શબ્દો, તેના અર્થ અને ભાવ સાથે શીખીને તેને અનુભવમાં પણ લઇ લે છે. માતૃભાષામાં બાળક જ્ઞાનને ઝડપથી ઝીલે છે. જે ભાષામાં બાળ ઉછર્યું હોય, તે જ ભાષામાં ગ્રહણશક્તિ, સમજશક્તિ અને વિચારશક્તિ ખીલે છે. અભિવ્યક્તિનું અને ગ્રહણ તથા સમજણ માટેનું શ્રેષ્ઠ માધ્યમ માતૃભાષા જ છે. માતૃભાષા દ્વારા જ બાળક સર્જનાત્મક બને છે. વિચારવાની અને કલ્પના કરવાની સ્વતંત્રતા માટે માતૃભાષા અનિવાર્ય છે.

"માતૃભાષા તો માતાનું ધાવણ છે." **- રવીન્દ્રનાથ ટાગોર**

"હું માતૃભૂમિને માટે અને માતૃભાષાને માટે બધું કરી છૂટીશ."

**- ગુજરાત વિદ્યાપીઠના બંધારણમાં મૂકેલી શરત**

"માતા, માતૃભાષા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચઢિયાતી છે." **- ડૉ.રવીન્દ્ર દવે**

"માતૃભાષા હ્રદયની ભાષા છે." **- કોલરીજ (પાશ્ચાત્ય વિદ્વાન)**

"There is no joy, no expression, no blossoming of the faculties without mother tongue." **- રવીન્દ્રનાથ ટાગોર**

માતૃભાષાના મૂલ્યને સ્વીકારીને ઇ.સ. 1999ની 17મી નવે મ્બરે સંયુક્ત રાષ્ટ્રસંઘની પેટા સંસ્થા યુનેસ્કો દ્વારા દર વર્ષે 21મી ફેબ્રુઆરીને 'વિશ્વ માતૃભાષા દિન' તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું.

## 4. વૈશ્વિક પશ્ચાદભૂમિકા

જાપાનમાં અને જર્મનીમાં સર્વેક્ષણો થયા છે. તેના તારણોમાં જણાયું છે કે માતૃભાષાના માધ્યમમાં ભણનારની સ્ટ્રેસ કેપેસીટી વધારે હોય છે, જે તેને જીંદગીના બધા પડકારો ઝીલવા માટે સક્ષમ બનાવે છે.

ઇઝરાયેલ કે જે આપણા દેશના દસમા ભાગમાં પણ નથી આવતો તેણે આજે આપણા દેશ કરતાં દસ ગણા વધું નોબેલ પુરસ્કારો મેળવ્યા છે, તેનું કારણ માત્ર એ જ કે તે દેશના બાળકો માતૃભાષામાં શિક્ષણ મેળવે છે.

રશિયા, ફ્રાન્સ, ચીન, જર્મની, જાપાન જેવા દેશોમાં એમની માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે છે.

EFA Global Monitoring Report-2005: The Quality Imperative માટે સ્વીડનની સ્ટોકહોમ યુનિવર્સીટીના ડૉ.કેરોલ બેન્સને હાથ ધરેલા એક વિસ્તૃત અભ્યાસનો અહેવાલ રજૂ કર્યો હતો. તેમના અભ્યાસનો વિષય હતો: "The importance of mother-tongue based schooling for educational quality". તેમણે વિશ્વના વિવિધ ભાગોમાં ઇ.સ. 1970થી માંડીને થયેલા અનેક સર્વેક્ષણો અને અભ્યાસોને, સંદર્ભોને પોતાના શોધલેખમાં ટાંક્યા છે. તેમાં જણાવ્યા મુજબ, 'માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણના પરિણામો ખૂબ જ સારા દેખાયા છે. માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની બીજી ભાષા અંગ્રેજી પણ ખૂબ સારી હોય છે. માતૃભાષાના સહારાથી તેમને બીજી ભાષામાં પણ ખૂબ સરી ફાવટ આવી જાય છે. વિદ્યાર્થી બંને ભાષામાં

પાવરધો બને છે.'

## 5. માતૃભાષામાં શિક્ષણ મેળવીને મહાનતાના શિખરે પહોંચેલા મહાનુભાવો

**સ્વામી વિવેકાનંદ** કે જે માતૃભાષામાં ભણ્યા અને છતાં શિકાગોની ધર્મપરિષદમાં અંગ્રેજીમાં બોલ્યા હતાં.

'ગીતાંજલિ' કાવ્યસંગ્રહ માટે નોબેલ પારિતોષિક મેળવનાર **રવીન્દ્રનાથ ટાગોરે** માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું.

અર્થશાસ્ત્રનું નોબેલ પ્રાઇઝ મેળવનાર **અમર્ત્ય સેને** માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું.

વિજ્ઞાન ક્ષેત્રે નોબેલ પ્રાઇઝ પ્રાપ્ત કરનાર **સી.વી.રામને** માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું.

વિખ્યાત અણુ વિજ્ઞાની અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ **અબ્દુલ કલામ** પોતાની માતૃભાષામાં ભણ્યા હતાં.

અવકાશયાત્રી **કલ્પના ચાવલા**એ ગુજરાતી માધ્યમમાં પોતાનો અભ્યાસ કર્યો હતો.

સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયા **ડૉ.બાબાસાહેબ આંબેડકરે** શિક્ષણ માતૃભાષામાં લીધું હતું.

રાષ્ટ્રપિતા **મહાત્મા ગાંધી** પોરબંદરની ગુજરાતી શાળામાં ભણ્યા હતાં.

ઉદ્યોગપતિ **ધીરુભાઇ અંબાણી**એ મજેવડીની ગુજરાતી શાળામાં પોતાનું પ્રાથમિક શિક્ષણ લીધું હતું.

મોટા ઉદ્યોગપતિ, સમર્થ અગ્રણી અને વિચક્ષણ બુદ્ધિપ્રતિભા ધરાવતાં શેઠ **કસ્તુરભાઇ લાલભાઇ** ગુજરાતી માધ્યમમાં ભણ્યા હતાં.

પદ્મશ્રી, પદ્મભૂષણ, મહારાષ્ટ્રભૂષણ અને 25 જેટલી યુનિવર્સીટીમાંથી ડૉક્ટરેટ મેળવનાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ **અરૂણભાઇ ગાંધી**એ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ ગુજરાતી માધ્યમમાં કર્યો હતો.

## 6. માતૃભાષામાં શિક્ષણનું મહત્વ

વિશ્વના અગ્ર હરોળના શિક્ષણશાસ્ત્રીઓ અને વિચારકો માતૃભાષાને શિક્ષણના માધ્યમ તરીકે રાખવાની હિમાયત કરે છે.

"કોઇ પણ પ્રજાના યુવક વર્ગમાં પ્રજાત્વ કાયમ રાખવું હોય તો તેમને ઊતરતી કે ચડતી બધી જ કેળવણી તેમની માતૃભાષા દ્વારા જ મળવી જોઇએ." **- ગાંધીજી**

પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં આપવાથી બાળકોનો રસ અને ઉત્સાહ વધે છે તથા અધવચ્ચે અભ્યાસ છોડી દેવાની ટકાવારીમાં ઘટાડો થાય છે.

વિચાર, સ્વપ્ન, લાગણી, રુદન અને ક્રોધ જેવા આવેગો જે ભાષામાં રજૂ થાય, તે શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ ગણાય. આ રીતે જોતાં માતૃભાષાને જ શિક્ષણનાં માધ્યમ તરીકે અપનાવવી જોઈએ.

માતૃભાષાના માધ્યમમાં ભણતો વિદ્યાર્થી વર્ગની દરેક પ્રવૃત્તિમાં ખૂબ ઉત્સાહથી ભાગ લે છે, અભિવ્યક્તિ ખીલે છે અને પ્રતિભા બહાર આવે છે. માતૃભાષાને કારણે બાળકો વિશેષ પ્રોત્સાહિત થાય છે અને પોતાના જ્ઞાન તથા અનુભવને નિ:સંકોચ રજૂ કરવાની બાળકને તક મળે છે.

"જે ભાષામા બાળકને સ્વપ્ન આવે તે ભાષાને શિક્ષણનું માધ્યમ રાખવું જોઇએ."

**- વિનોબા ભાવે**

દરેક પ્રજાને પોતાની ભાષા અને સંસ્કૃતિ માટે સ્વાભાવિક લગાવ અને લાગણી હોય છે. માતૃભાષાના માધ્યમને કારણે શાળાના વર્ગમાં સાંસ્કૃતિક મૂલ્યોને સ્થાન મળવાથી બાળકના વાલીઓ ખૂબ સંતોષ પામે છે.

માતૃભાષામાં શિક્ષણ આપવાને કારણે વાલીઓ શાળાની વિવિધ બાબતોમાં વિશેષ રસ લેતાં થાય છે. વાલીઓનો શિક્ષકો અને શાળા સાથે નાતો બંધાતા, બાળકોને લાભ થાય છે.

માતૃભાષાના માધ્યમથી શિક્ષણ લેનાર બાળકોનો બૌદ્ધિક વિકાસ ખૂબ સારી રીતે થાય છે.

ઘરમાં બોલાતી ભાષા જ શિક્ષણનું શ્રેષ્ઠ માધ્યમ બની શકે. મનોવૈજ્ઞાનિકો, બળ માનસશાસ્ત્રીઓ અને બાળ ચિકિત્સકો પણ માને છે કે ઘર અને નિશાળની ભાષા જુદી પડે ત્યારે બાળક મૂંઝાય છે અને મૂરઝાય છે. લઘુતાગ્રંથિનો ભોગ બને છે. ક્યારેક તો ઘેરી માનસિક હતાશાનો ભોગ બને છે. તેનો બૌદ્ધિક વિકાસ પણ રૂંધાય છે. "ગણિતશાસ્ત્ર અને વિજ્ઞાન પણ માતૃભાષામાં જ ભણાવવું જોઇએ."

**- નારલિકર (વિજ્ઞાની)**

## 7. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં માતૃભાષામાં શિક્ષણ માટેનું આયોજન

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં આવી રહેલા ક્રાંતિકારી પરિવર્તનો પૈકી વિભાગ-1 ના પ્રકરણ-4 માં બહુભાષાવાદ અને ભાષાની ક્ષમતા અંતર્ગત 4.11 મા મુદ્દામાં માતૃભાષા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે અને તેની જોગવાઈઓ નીચે મુજબ છે.

**'એ સર્વવિદિત છે કે નાના બાળકો તેમના ઘરમાં બોલાતી ભાષા એટલે કે માતૃભાષામાં મહત્વના મૂર્ત કે અમૂર્ત ખ્યાલોને વધુ ઝડપથી શીખે છે અને ગ્રહણ કરે છે. ઘરોમાં સામાન્ય રીતે માતૃભાષા અથવા સ્થાનિક સમુદાયો દ્વારા બોલવામાં આવતી ભાષાનો ઉપયોગ થાય છે. જો કે, કેટલીક વખત બહુભાષી કુટુંબોમાં, કુટુંબના અન્ય સભ્યો દ્વારા બોલાતી ભાષા ઘરેલુ ભાષા હોઇ શકે છે, જે ક્યારેક માતૃભાષા અથવા સ્થાનિક ભાષાથી અલગ હોઇ શકે છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઓછામાં ઓછા ધોરણ ૪ સુધી, પણ વધુ યોગ્ય હોય તો ધોરણ 9 સુધી, શિક્ષણનું માધ્યમ ઘરની ભાષા/માતૃભાષા/સ્થાનિક ભાષા/પ્રાદેશિક ભાષા હશે. આ ધોરણો પછી પણ ઘર/સ્થાનિક ભાષાને શક્ય હોય ત્યાં સુધી શાળામાં એક વિષય તરીકે શીખવવામાં આવશે. સરકારી અને ખાનગી બંને પ્રકારની શાળાઓએ આ સૂચનાનું પાલન કરવાનું રહેશે. વિજ્ઞાન સહિત દરેક વિષયોના ઉચ્ચ ગુણવત્તાયુક્ત પાઠ્યપુસ્તકોને ઘરમાં બોલાતી ભાષા કે માતૃભાષામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. બાળક દ્વારા બોલાતી ભાષા અને શિક્ષણના માધ્યમ વચ્ચે કોઇ પણ અંતર હોય તો તેને સમાપ્ત કરવાના તમામ પ્રયાસો તાત્કાલિક ધોરણે કરવામાં આવશે. જ્યાં ઘરની ભાષા/માતૃભાષામાં પાઠ્યપુસ્તક સામગ્રી ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે વ્યવહારની ભાષા, શક્ય હોય ત્યાં ઘરેલુ ભાષા/માતૃભાષા રહેશે. એવા વિદ્યાર્થીઓ જેના ઘરની ભાષા/માતૃભાષા શિક્ષણના મધ્યમથી ભિન્ન છે, તેમના માટે દ્વિભાષી અધ્યયન-અધ્યાપન સામગ્રી સહિત દ્વિભાષી અભિગમનો ઉપયોગ કરવા માટે શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવશે. બધી જ ભાષાઓ તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તા સાથે શીખવવામાં આવશે; એક ભાષાને સારી રીતે શીખવવા અને શીખવા માટે તેને શિક્ષણનું માધ્યમ બનાવવું જ પૂરતું નથી, તેને એક વિષય તરીકે ઊંડાણપૂર્વક શીખવવી જોઇએ.'**

ઉપરોક્ત જોગવાઇઓ પરથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં માતૃભાષાના મહત્વને અદ્દકેરૂં આંકવામાં આવ્યું છે અને સાથોસાથ અન્ય ભાષાઓને પણ જરૂરી મહત્વ આપીને બાળકના સર્વાંગી વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે.

## 8. પડકારો

માતૃભાષાના મધ્યમથી શિક્ષણ આપવાના હેતુને બર લાવવા માટેના પ્રયત્નો સફળ થાય તે માટે આપણે સૌ એ નીચેના પડકારોનો સામનો કરવો પડશે અને નીચેની સમસ્યાઓને વત્તે-ઓછે અંશે ઉકેલવા માટે મંડી પડવું પડશે, તો જ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના ઉદ્દેશો પૂર્ણ કરી ભારતને સાતત્યપૂર્ણ વિકાસ લક્ષ્યાંકો પૂર્ણ કરવા તરફ ગતિમાન બનાવી શકાશે.

1. ભારત વિપુલ ભાષા વૈવિધ્ય ધરાવતો દેશ છે ત્યારે તમામ ભાષાઓમાં વૈવિધ્યપૂર્ણ અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવવી એ એક મોટો પડકાર બની રહેશે.
2. કોર્પોરેટ કલ્ચર, તગડો પગાર, તેજસ્વી કારકિર્દી, ભ્રામક સ્માર્ટનેસ અને આ બધાને કારણે અંગ્રેજી માધ્યમ તરફ ગાંડી દોટ મૂકતાં વાલીઓને સમજાવવા મુશ્કેલ છે.
3. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં પૂરું પાડવા માટે મોટી સંખ્યામાં તેના જાણકાર શિક્ષકોની જરૂર પડશે, જે મુશ્કેલ છે.
4. વર્ષોથી સ્થાપિત થઇ ગયેલી ઘરેડ અને માનસિકતાને બદલવા માટે દરેક કક્ષાએ સઘન તાલીમ અને તાલીમ આપનાર નિષ્ણાંતોની જરૂર પડશે. આ માટે વ્યવસ્થા કરવી મુશ્કેલ છે.
5. વિજ્ઞાનના વિકાસને લગતાં મોટાભાગનાં પુસ્તકો અંગ્રેજી ભાષામાં અથવા અંગ્રેજી અનુવાદ સરળતાથી પ્રાપ્ય છે ત્યારે અનુસરવા પડશે અથવા એનું માતૃભાષામાં અનુવાદ કરાવવા માટે ભારે જહેમત ઉઠાવવી પડશે.

## 9. ઉપસંહાર

માતૃભાષાના માધ્યમથી પ્રાથમિક શિક્ષણ આપવાના શુભ આશયને પરિપૂર્ણ કરવા માટે શિક્ષણ ક્ષેત્રનાં પાયાના એકમ વિદ્યાર્થીથી માંડીને વાલીઓ, પરિવાર, સમાજ, શાળા, શિક્ષકો, વહીવટીતંત્ર, અભ્યાસક્રમ સંરચના કરનાર ઘટકો, રોજગારી આપતાં એકમો તથા રાષ્ટ્રના શિક્ષા મંત્રાલય સુધીના તમામે એકસૂત્રતા જાળવીને કટિબધ્દ્ બનવું પડશે, તો જ બાળકના સર્વાંગીણ વિકાસના અંતિમ ધ્યેયને આપણે હાંસલ કરી નવભારતનું નિર્માણ કરી શકીશું.

## <u>સંદર્ભ-સૂચિ</u>


1. **‘શિક્ષણ: જ્ઞાનની પરબ’**
(શિક્ષણવિદ ડૉ.પ્રતાપ પંડ્યાના શિક્ષણવિષયક પ્રતિનિધિ લેખો)
સંપાદક: હરીશ વટાવવાળા અને ડૉ.વિરંચિ ત્રિવેદી
પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
2. **‘માતૃભાષાનું મહિમાગાન’**
સંપાદન: ડૉ.ભદ્રાયુ વછરાજાની
પ્રકાશક: મીડિયા પબ્લિકેશન, જૂનાગઢ
3. **‘તાત્વિક વિચારધારાઓ અને શિક્ષણ’**
લેખક: ડૉ.કુલીન પંડ્યા
પ્રકાશક: ગોવિંદ પ્રકાશન, અમદાવાદ
4. **‘રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020’**
માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર
પ્રકાશક: રજીસ્ટ્રાર, ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર
5. **‘માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ’**
(1) જાન્યુઆરી-2012, (2) મે-2014, (3) ઓગષ્ટ-2020
પ્રકાશક: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
6. **‘પ્રગતિશીલ શિક્ષણ’** (ફેબ્રુઆરી-2020)
પ્રકાશક: ડૉ.અનિલ પટેલ, ગાંધીનગર
7. **‘લેટેસ્ટ ફેક્ટસ ઇન જનરલ નોલેજ’** (સપ્ટેમ્બર-2020)

સંપાદક: જગદીશ પટેલ

પ્રકાશન: લિબર્ટી પબ્લિકેશન્સ, અમદાવાદ

8. **gu.vikaspedia.in**

9. **gu.eferrit.com**

10. **gu.m.wikiquote.org**

11. **'દિવ્ય ભાસ્કર' દૈનિક**

(1) રસરંગ પૂર્તિ (તા.09-08-2020)

કોલમ: રાગ બિન્દાસ, લે.સંજય છેલ

કોલમ: પ્રશ્ન વિશેષ, લે.ભદ્રાયુ વછરાજાની

કોલમ: માય સ્પેસ, લે.કાજલ ઓઝા વૈદ્ય

12. **'ગુજરાત સમાચાર' દૈનિક**

(1) રવિ પૂર્તિ (તા.02-08-2020)

કોલમ: હોરાઇઝન, લે.ભવેન કચ્છી

કોલમ: એક નજર આ તરફ, લે.હર્ષલ પુષ્કર્ણા

(2) શતદલ પૂર્તિ (તા. 02-08-2020)

કોલમ: અધ્યયન, લે.હિરેન દવે

13. '**સંદેશ' દૈનિક**

(1) અર્ધસાપ્તાહિક પૂર્તિ (તા.05-08-2020)

કોલમ: ટિન્ડર બોક્સ, લે.અભિમન્યુ મોદી